મહિયલ ગામે દારૂડીયાએ ચાલુ ટ્રેન સામે આવી ટ્રેન રોકાવી દેતા ખળભળાટ

બેફામ બનેલા દારૂડીયાએ બાદમાં ગ્રામજનોને જાહેરમાં ગાળો ભાંડતા પોલીસે જેલ હવાલે કર્યો

તલોદ, તા. ૯

તલોદના મહિયલ ગામે દારૂ પી છાટકા બનેલા દારૂડીયાએ નશામાં અમદાવાદ-હિંમતનગર રેલવે ટ્રેનને રોકાવી દેતા ભારે ખળભળાટ મચી ગયો હતો. હંગામો થતા પોલીસે ઘટના સ્થળે આવી મામલો થાળે પાડી નશામાં ચકચૂર દારૂડીયાને ઉઠાવીને પોલીસ મથકે આવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદમાં મહિયલ ગામ આવેલું છે. જયાં રાવળ ગજરાભાઈ રવજીભાઈ પરિવાર સાથે રહે છે દારૂના બંધાણી બનેલા ગજરા રાવળ દારૂ પીવા માટે નજીકમાં આવેલ ફાટક વિસ્તારના દારૂના અડ્ડા પર ગયો હતો જયાં દારૂના નશામાં ચકચૂર બની દારૂના અડ્ડાના માલિક સાથે માથાકુટ કરતા દારૂના અડ્ડાના માલિકે દારૂડીયાને ધોઈ નાખ્યો હતો અને લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. આમ નશામાં ચકચૂર અને ઈજાગ્રસ્ત દારૂડીયાએ ફાટક પાસેથી પસાર થતી અમદાવાદ હિંમતનગર ચાલુ ટ્રેન સામે આવી ટ્રેનને અચાનક જ રોકાવી દેતા ભારે હંગામો મચી ગયો હતો. દારૂડીયાની આ હરકત સાંભળતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. પરંતુ દારૂડીયો ટસનો મસ ન થયો આખરે ૨૦ મિનિટની ભારે મથામણ બાદ સમજાવી તેને ટ્રેન આગળથી દૂર કરવામાં આવ્યો હતો. જેથી ૨૦ મીનીટના ગાળા બાદ ટ્રેન રવાના થઈ હતી.

દારૂડીયાના આ નાટક બાદ પણ દારૂડીયો વધુ બેફામ બન્યો હતો અને ગ્રામજનોને ખુલ્લે આમ બિભત્સ ગાળો બોલી આખું ગામ માથે લીધું હતું. દારુ ઢીંચેલા દારૂડીયાની પજવણીથી પરેશાન બનેલા ગ્રામજનો એ તલોદ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ તુરંત ઘટના સ્થળે દોડી આવી છાટકા બનેલા દારૂડીયાને જીપમાં નાંખી પોલીસ સ્ટેશન લઈ આવી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા ભાજપ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા ફટાકડા ફોડી, ઢોલ-નગારા વગાડી મીઠાઈની વહેંચણી કરાઈ હતી. ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ પદે અમિતભાઈ શાહની નિમણુંક કરાતા ભાજપ હોદ્દેદારો અને કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા મઉ ચાર રસ્તા પાસે ઢોલ-નગારા વગાડી, કાર્યકરો ધ્વારા મીઠાઈની વહેંચણી કરવામાં આવી હતી. ફટાકડા ફોડી આતશબાજીનો કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંઘઠન ઉપપ્રમુખ ગુણવંતલાલ ત્રિવેદી, મહામંત્રી રાજેશભાઈ નિનામા, ભિલોડા તાલુકા ભાજપ સંઘઠન પ્રમુખ કાંતીલાલ પટેલ, મંત્રી ભવાનભાઈ તરાર, ઉપપ્રમુખ કમલેશભાઈ મહેતા, યોગેશભાઈ બુધ્ધ, જેસીંગભાઈ પટેલ, જગદીશભાઈ, નારાયણભાઈ ચૌધરી, ચેતનસિંહ કચ્છાવા, ચંદ્રવદનભાઈ રાવલ, બિપીનભાઈ ભોઈ, કેતનભાઈ પંડ્યા, હરેશભાઈ પંચાલ સહિત સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા ભાજપ સંઘઠન હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે.

ટીંટોદણમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ અને ભજન સંધ્યાનું આયોજન કરાયું

શુક્રવારે રાત્રે ભજન સંધ્યા અને શનિવારે સવારે ગુરૂપૂજન તેમજ સુંદરકાંડના પાઠ યોજાશે : ગુરૂપૂર્ણિમા મહોત્સવ સંજય ભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગોદડીયા પરંપરામાં રહેલ ગુરૂના સવિશેષ મહત્વને સાર્થક કરવા ગોદડીયા પરિવાર દ્વારા દર વર્ષે ઉજવવામાં આવે છે. આ વર્ષે ગરૂ પૂર્ણિમા મહોત્સવનું આયોજન મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં આવેલ ટીંટોદણ મુકામે રાખવામાં આવેલ છે.

આ ગુરૂપૂર્ણિમા મહોત્સવ બે દિવસ ચાલનાર છે. જેમાં તા. ૧૧ મી જુલાઈ શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે ભજન સંધ્યાનું આયોજન કરાયું છે. ત્યારબાદ તા. ૧૨મી જુલાઈ શનિવારે ગુરૂપૂર્ણિમાના દિવસે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી સંજય ભારતી બાપુની વ્યાસપીઠે ગુરૂપૂજન અને સુંદરકાંડના પાઠ યોજાશે. તેમજ બપોરે ૧૨ વાગે હરિહર પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ભજન સંધ્યામાં કલાકારો કૌશિક દવે, પંકજ દવે, સગરામ ઠાકોર તેમજ ગોદડીયા પરિવાર તેમની સેવાઓ આપશે. આ સમગ્ર કાર્યક્રમ ટીંટોદણ ગામમાં યજમાન કે.ડી. પ્રજાપતિના નિવાસસ્થાને યોજાશે.

અષાઢ સુદ પૂનમના રોજ ઉજવાતા આ ગુરૂપૂર્ણિમા મહોત્સવનું અનેરૂ મહત્વ છે. આ મહોત્સવના યજમાન કે.ડી. પ્રજાપતિના માતૃશ્રી સ્વ. ખેમકોરબેન દેવાભાઈ પ્રજાપતિની ૨૫મી પુણ્યતિથિ અને પિતા સ્વ. દેવાભાઈ ગોવાભાઈ પ્રજાપતિની ૧૮મી પુણ્યતિથિ નિમિત્તે ભજન સંધ્યાનું આયોજન આ મહોત્સવમાં કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ભાગ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

પાટણમાં સુરક્ષા સેવા દિને માર્ગદર્શન શિબિર - સન્માન સમારંભ યોજાશે

પાટણ, તા. ૯

આગામી ૧૫મી ઓગસ્ટ, ૧૪ સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી થાય તે માટે જિલ્લાની તમામ વ્યપારી, ઔદ્યોગિક સંગઠનો, જિલ્લાના તમામ કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ અને જાહેર જનતા આ રાજયકક્ષાની ઉજવણીમાં સહભાગી બને તે માટે જિલ્લામાં તા. ૬-૮-૨૦૧૪, બુધવાર સુરક્ષા સેવા દિન તરીકે ઉજવવા વહીવટી તંત્રએ આયોજન કરેલ છે. રક્ષા શકિત દિનની ઉજવણીમાં સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે મુળભુત હકકો અંગે જાગૃતિ આવે તથા સરકાર દ્વારા સુરક્ષા માટે કરેલ આયોજનથી -જાને માહિતગાર કરવાનો મુખ્યત્વે ધ્યેય રાખવામાં આવ્યો છે.

રક્ષા શકિત દિન ઉજવણીમાં નિવૃત આર્મીમેન, પોલીસ જવાનો અને શહીદોના માનમાં સન્માન કાર્યક્રમો યોજવામાં આવશે. નાગરિકો માટે મુળભુત અધિકારોની જાગૃતિ શિબરો, માધ્યમિક શાળા, કોલેજોમાં ફોજદારી કાયદાઓના -થમિક જ્ઞાન શિબિર, દેશદાઝની લાગણી બળવત્તર થાય તે માટે શૌર્યગીતની સ્પર્ધાઓ તેમજ પોલીસ કલ્યાણ ફંડમાં મહત્તમ ફાળો એકત્રીકરણ કરવામાં આવશે.

મોડાસા એકડા વિશા ખડાયતા મંડળ મહિલા ટ્રસ્ટના પ્રમુખો નિમાયા

મોડાસા, તા. ૯

શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા કેવડીયા કેળવણી મંડળની સાધારણ સભા ગત તા. ૬ રવિવારના રોજ બપોરે ૩.૦૦ વાગે જેસીસ હોલ સગરવાડા, મોડાસા ખાતે યોજવામાં આવી હતી. બેઠકમાં વર્ષ-૨૦૧૪-૧૫ માટે પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે શિક્ષણ બોર્ડના નિવૃત્ત અધિકારી મહેન્દ્રભાઈ મથુરદાસ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

તેમજ શ્રીમતી માણેકબેન મણીલાલ લલ્લુદાસ શાહ, મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૪-૧૫નાં પ્રમુખ તરીકે શ્રીમતી અરવિંદાબેન મહેન્દ્રભાઈ શાહની વરણી કરવામાં આવી છે. બન્ને મહાનુભાવોની વરણી થવાથી વૈષ્ણવ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

મેશ્વો ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવા માંગ

મેશ્વો ડેમમાંથી પાણી આપવામાં આવે તો કપાસ તથા સોયાબીનના પાકને જીવતદાન મળે

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લામાં સિંચાઈનો મહત્વનો સ્ત્રોત એવા મેશ્વો ડેમમાં રિઝર્વ સ્ટોક બાદ કરતાં ૨ પાણી જેવો જથ્થો હોવાથી હાલના વાવેતરને જીવતદાન બક્ષવા કેનાલમાં પાણી છોડવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે. વરસાદ ન આવે તો શિયાળુ પાક બગડે પણ ચોમાસું પાક સુધરે તો જગતના તાતનું કલ્યાણ થાય.

અરવલ્લી જિલ્લામાં શામળાજીમાં આવેલા મેશ્વો ડેમમાંથી કપાસ ઉગાડવા માટે કેનાલો મારફતે પાણી છોડવામાં આવ્યું હતું. જેના દ્વારા ખેડૂતોએ કમાન્ડ વિસ્તારમાં કપાસ, સોયાબીન જેવા પાક વાવ્યા હતા પણ હવે આ પાકને જીવતદાનની જરુર છે ત્યારે કલેકટરે પાણી છોડવાની ના કીધી છે.. તેવા બ્હાના હેઠળ કેનાલમાં પાણી ચડાવી દેવાઈ છે. જો વરસાદ આપવાની બાબત અભરાઈ પર તેથી શિયાળામાં પાણી નહીં મળે નહીં પડે તો ડેમ ભરાવાનો નથી તો ઘઉંના પાક નહીં પાકે પણ હાલ જે પાક જમીનમાંથી બહાર આવી રહ્યા છે તેને એક-બે પાણી આપી દેવાય તો લાખો ટન સોયાબીન, કપાસ પાકે તેમ છે.જયારે બીજી બાજુ કલેકટર રીઝર્વ સ્ટોક રાખવા ફરમાન કર્યું છે કે બધો જથ્થો સાચવી રાખવા હુકમ કર્યો છે. તે બાબતમાં અધિકારીઓ, ખેડૂત મંડળીઓ ખેડૂતોમાં મતમતાંતર છે. મેશ્વો ડેમમાં રિઝર્વ સ્ટોક ઉપરાંતનો ૨ પાણીનો જથ્થો છે તેવું સિંચાઈ વિભાગના એક કર્મચારીએ નામ ન આપવાની શરતે કીધું...તો પછી રાહ કેમ જોવાય છે? માજૂમ ડેમમાંથી હાલ કેનાલમાં પાણી અપાય છે તો મેશ્વો ડેમમાંથી કેમ નહીં? આ બાબતે યોગ્ય હુકમ કરવા જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ હુકમ કરે તેવી ખેડૂતોની માંગ છે.

(તસવીર : નિરવકુમાર સુથાર, મોડાસા)

બામણા-પુનાસણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કવિ કાલીદાસની જન્મજયંતી ઉજવાઈ

ભિલોડા,તા.૯

બામણા-પુનાસણ સ્વ. શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણામાં અષાઢી સુદ એકમના રોજ સંસ્કૃત સાહિત્યના કવિ કાલીદાસની જન્મજયંતી અને રથયાત્રા નિમિત્તે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી જગદીશભાઈ જોષી અને ઈ.પ્રિન્સીપાલ ડા.કલ્પનાબેન આર.પટેલની ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગ, અંગ્રેજી વિભાગના આસી.પ્રોફેસર પ્રકાશભાઈ જોષી અને એન. આર. જોષીએ વ્યાખ્યાન આપ્યું હતું. બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં શિક્ષણની સાથે-સાથે થઈ રહેલી અન્ય સહઅભ્યાસી પ્રવૃતિઓના કારણે કોલેજીયન છાત્રોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

પાટણમાં ૭મી ઑગસ્ટે આરોગ્ય દિન ઉજવાશે

પાટણ, તા. ૯

૧૫ મી ઓગસ્ટ- ૨૦૧૪ ૬૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી જિલ્લા મથક પાટણ ખાતે થનાર છે. આ પર્વની ઉજવણીમાં જિલ્લાના નાગરિકો ઉમંગભેર ભાગ લે અને સહભાગી બને તે આશયથી ૧લી ઓગસ્ટથી વિવિધ કાર્યક્રમો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવનાર છે.

પાટણ જિલ્લાના દરેક નાગરિક રકતદાન -ત્યે જાગૃત થાય અને રોગચાળો ફેલાતો અટકે તેવા ઉમદા હેતુથી સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ૭ મી ઓગસ્ટ ૨૦૧૪ આરોગ્ય દિન ઉજવવામાં આવશે.

જિલ્લાના જુદા જુદા શહેરો અને ગામોમાં આરોગ્ય તપાસણી અને સારવાર તથા રકતદાન શિબિરો યોજવામાં આવશે. શાળાઓ/ આંગણવાડીઓમાં બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. સરકારી કચેરીઓના તમામ સ્ટાફની આરોગ્ય વિષયક તપાસ કરવામાં આવશે. બ્લડ ડોનેશન કેમ્પોમાં કર્મચારીઓને ભાગ લેવા -ત્સાહિત કરવામાં આવશે. ૯૭૭ કાર્ડનું વિતરણ કરવામાં આવશે.

સિદ્ધપુર ખાતે અધિકારી-કર્મચારીઓની ચિંતન શિબિર યોજાઈ

પાટણ, તા. ૯

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓની ચિંતન શિબિર જિલ્લા કલેકટરશ્રી એચ.એન ઠકકર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન. દેસાઈની ેરક ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ.

જિલ્લા કલેકટરશ્રી એચ.એન. ઠકકરે દીપ -ાગટય કરી ખુલ્લો મુકતાં ઉપસ્થિત અધિકારીઓ-કર્મચારીઓને ેરક ઉદબોધનમાં જણાવ્યું કે, સરકારશ્રીની ફરજો અદા કરવા માટે વિચારોના અમલીકરણ માટેની આ ચિંતન શિબિર છે. રાજય સરકારની વિવિધ અમલી યોજનાઓનો લાભ આમ આદમી સુધી પહોંચતો કરવા માટે નૈતિક ફરજો થકી સારામાં સારી સેવાઓ નાગરિકોને પુરી પાડવા જણાવ્યું હતું. વધુમાં તેમણે આજના દિવસે સરકારી ફરજોના વિચારમાંથી અલિપ્ત થઈ વકતાઓ દ્વારા શહેરી અને ગ્રામ્ય સફાઈ, જળનું મહત્વ, ભાવિ પેઢીને કુપોષણમાંથી મુકત બનાવવા, મોટીવેશન અને સ્કીલ ડેવલોપમેન્ટ અંગેના મૌલિક વિચારો વકતાઓ તરફથી રજુ કરવામાં આવે તે અંગે વાસ્તવમાં અમલીકરણ કરવા અંગે પોતે પોતાની જાતને સમક્ષ રાખી વિચાર મંથન થાય તે જરુરી છે તેમ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન દેસાઈએ ચિંતન શિબિરમાં જે વિષયો આવરી લેવાયા છે, તે હાલની પરિસ્થિતિને અનુલક્ષી તાતી જરીરૂઆત છે. તજજ્ઞો સાથેના વિચાર વિમર્શ દ્વારા અધિકારીઓ કર્મચારીઓને નવી દર્ષટિ, નવું વિજન મળશે અને કામગીરી અસરકારક બનશે તેવી આશા વ્યકત કરી હતી.

શ્રી પી.યુ.અસરાનીએ શહેરી અને ગ્રામ્ય સફાઈ તથા પર્યાવરણની જાળવણી અંગે વિસ્તૃત છણાવટ સાથે વ્યકતવ્ય રજુ કર્યુ હતું. મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન પરિપુર્ણ કરવા દરેક નાગરિકોમાં જાગૃતિ ઉભી થાય તો જ તેને પરિણામલક્ષી બનાવી શકાય.

શ્રીશંભુભાઈ દેસાઈએ જળ એજ જીવન, દક્ષાબેન પટેલે કુપોષણ મુકિત અને ન્યુટ્રીશન, સુશ્રી સુધા પાંડેએ મહિલા સંબધિત નવા કાયદા અંગે, મૌલિક સોનીએ મોટીવેશન અને સ્કીલ ડેવલોપમેન્ટ અંગે તેમના મૌલિક વિચારો રજુ કર્યા હતા.

-ાન્ત અધિકારીશ્રી ઉપાધ્યાયે સ્વાગત ચિંતન શિબિરનો હેતુ અને કાર્યક્રમની આછેરી ઝલક આપી હતી. અંતે ચિંતન શિબિરમાં પધારેલ વક્તાઓનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યુહતું. આ તકે જિલ્લા ગ્રામ વિકાસ નિયામકશ્રી હર્ષ વ્યાસ, નિવાસી અધિક કલેકટરશ્રી રાજેશ રાજયગુરૂ તેમજ સિધ્ધપુર તાલુકાના વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

ઉનાવા ગામે પ્રેમલગ્ન પ્રકરણમાં છોકરી પક્ષે છોકરાના ઘરે જઈ હંગામો મચાવ્યો

ઊંઝા નજીકના ઉનાવા ગામે પ્રેમલગ્નના મામલે ઉશ્કેરાયેલ છોકરી પક્ષના માણસોએ યુવકના ઘેર જઈ અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી મકાનની બારીના કાચ તોડી નુકસાન કર્યુ હોવાનો બનાવ બન્યો છે.

ઊંઝા નજીકના ઉનાવા ગામે ભદ્રકાળી માતા નજીકના પરામાં રહેતા વિષ્ણુભાઈ કુબેરદાસ પટેલનો પુત્ર પ્રિયંક ગામમાંથી જ કમાણીયા પરીવારની એક દિકરી કથિત પ્રેમલગ્ન કરવાના ઈરાદે છેલ્લા વીસેક દિવસથી ક્યાંક ફરાર થઈ ગયેલ છે. જેથી છોકરીના પરિવારજનો ગુસ્સે ભરાયા હોઈ છ જેટલા શખ્સો મોડી સાંજે છોકરાના ઘરે ગયા હતા. અને છોકરાના પિતાને કહેલ કે, તમારો દિકરો અમારી દિકરી પુજાને લઈ ગયેલ હોઈ પરત આપે તેમ કહી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ મકાનની બારીના કાચ તોડી નાંખી નુકશાન કર્યું હતું. વિષ્ણુભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે રજનીભાઈ કાન્તિલાલ પટેલ સહિત છ ઈસમોવિરુધ્ધ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી અને નુકશાન કરવા અંગેનો ગુનો નોંધી તપાસ આરંભી છે.

પાટણ આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટે ઉમેદવારોનું ઈન્ટરવ્યુ યોજાશે

પાટણ, તા. ૯

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા પાટણ ખાતે વર્ષ ૨૦૧૪માં પ્રવેશ મેળવવા માટે અરજી કરેલ હોય તેવા ઉમેદવારોનું તા. ૧૦ થી ૧૨ જુલાઈ ૨૦૧૪ દરમિયાન ઈન્ટરવ્યુ યોજાશે. સંબંધિત ઉમેદવારોએ ઓનલાઈન ઈન્ટરવ્યું કોલલેટર કાઢેલ પ્રિન્ટમાં દર્શાવેલ તારીખે અને સમયે લાગુ પડતી ફી અને અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવા તેમજ સંસ્થા ખાતે રૂબરૂ સંપર્ક કરવા સંસ્થાના આચાર્યે જણાવ્યું છે.

હારીજ ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

પાટણ, તા. ૯

પાટણ જિલ્લાના હારીજ તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩-૭-૨૦૧૪ના ચોથા બુધવારના રોજ મામલતદાર કચેરી, હારીજ મુકામે લાયઝન અધિકારી નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાટણના અધ્યક્ષપણા હેઠળ યોજાશે. રજુઆત કરવા માંગતા અરજદારોએ ફરિયાદ અરજીઓ બે નકલમાં ૧૫-૭-૨૦૧૪ સુધીમાં મામલતદાર કચેરી, હારીજ મુકામે રજુ કરવા જણાવવામાં આવે છે.

અરજદારે પોતાની અરજી ઉપર પોતાનો સંપર્કનો ટેલીફોન/ મોબાઈલ નંબર અચુક દર્શાવવો. તાલુકા ફરીયાદ નિવારણ કાર્યક્રમના મથાળા હેઠળ અરજી કરવાની રહેશે. ગ્રામકક્ષાનો ઁ હોય તો ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી, ગ્રામ સેવકને -થમ અરજી કરેલ હોવી જોઈએ. અને અનિર્ણિત હોય તેવી બાબતની અરજી કરી શકાશે. તાલુકા કક્ષાએઁ હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને -થમ લેખિત રજુઆત કરેલી હોવી જોઈએ અને અનિર્ણિત હોય. રજુ થતાઁ-નો ગ્રામ અને તાલુકા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ. અરજદારે પોતાના ઁ-નો આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. અરજદારે એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆત કરી શકશે નહી. કાર્યક્રમમાં કાર્યક્રમની તારીખે અને સમયે અરજદારે જાતે હાજર રહેવાનું રહેશે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧